<u>રેગ્યુલર દિવાની મુકદમા નં. ૬૪/૨૦૧૭</u>

**દિવાની કાર્યરીતી સંહિતા, ૧૯૦૮ના, હુકમ–૩૯, નિયમ–૧ તથા ૨ અન્વયે વચગાળાનો મનાઈ હુકમ મળવા અંગેની વાદીની આંક–૫ ની અરજી તળે હુકમ:–**

<u>વાદી પક્ષ તરફે :– વિ.વ.શ્રી. –એસ.એસ.પટેલ</u>

<u>પ્રતિવાદી પક્ષ તરફે :– વિ.વ.શ્રી.સી.એન.વાઘેલા</u>

(૧) મૈયત મંગળભાઈ માધાભાઈ પઢિયારના વારસોએ હાલની અરજી, દિવાની કાર્યરીતી સંહિતા, ૧૯૦૮ના હુકમ–૩૯, નિયમ–૧ તથા ૨ અન્વયે, આંક–૧ થી પ્રતિવાદીઓ સામે દાખલ કરેલ દાવા અરજીના સમર્થનમાં દરમ્યાન મનાઈ હુકમ મેળવવા માટેની કરવામાં આવેલી છે. આ કામના વાદીએ તેમની આ અરજીમાં મોટા ભાગની હકીકતો તેમની આંક–૧ની દાવા અરજી લગતની હકીકતોના સમર્થનમાં જણાવેલ છે. આ અરજીની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

(૨) <u>અરજીની ટુંકમાં હકીકત</u> :–

વાદીએ પોતાની દાવા અરજીમાં જણાવેલ છે કે,હાલના પ્રતિવાદી અને વાદીના પિતા મૈયત મંગળભાઈ માધાભાઈના સગા કાકાના પુત્ર છે. વાદીઓ અને પ્રતિવાદીની સંયુકત માલીકીની વડીલોપાર્જીત ખેતીની જમીનો મોજે ઉમરાયા તા. પાદરા જી. વડોદરા સીમના ખાતા નં. ૨૮૭ ની આવેલી છે જેનું વર્ણન નીચે મુજબ છે.

| બ્લોક નં. | ક્ષેત્રફળ | આકાર રૂા. |
|---|---|---|
| ૭૭ | ૦–૦૨–૨૩ | ૦.૧૧ |
| ૯૪ | ૦–૧૧–૮૬ | ૧.૦૧ |
| ૯૮ | ૦–૦૫–૫૫ | ૦.૫૧ |
| ૩૯૦ | ૦–૬૦–૮૮ | ૪.૧૫ |
| ૬૭૯ | ૦–૦૧–૩૧ તથા કેનાલમાં સંપાદન થયેલ ૦–૦૧–૭૦ | ૦.૧૧ |
| ૭૮૮ | ૦–૦૩–૦૦ | ૦.૧૫ |
| ૭૯૪ | ૦–૧૬–૧૦ | ૧.૨૭ |
| ૭૯૯ | ૦–૧૦–૮૪ | ૦.૯૫ |
| ૯૮૬ | ૦–૦૫–૫૧ | ૦.૪૮ |

વાદીનો કેસ છે કે, ઉપરોકત દાવાવાળી મિલકતો રેવન્યુ રેકર્ડમાં મુળ મૈયત ભીમસંગ જેહાભાઈ એટલે કે વાદીના પિતા ના દાદા તથા પ્રતિવાદીના દાદાના નામે અને ખાતે ચાલતી હતી. તેઓની હયાતી બાદ વાદીઓના પિતા અને પ્રતિવાદીના પિતાના નામે સંયુકત નામે સદર વડીલોપાર્જીત જમીન રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં. ૯૨૮ થી ચાલતી આવેલી. ત્યારબાદ એકત્રીકરણ યોજના હેઠળ નોંધ નં.૨૧૬૨/૧૮૭ થી નોંધ પડેલી. ત્યારબાદ વાદીના પિતા મંગળભાઈ માધાભાઈ મૈયત થતાં ફેરફાર નોંધ નં. ૨૮૮૧ થી વારસોના નામ દાખલ થયેલા. આમ સમયાંતરે વારસાઈ હકકે વારસદારોના નામો દાખલ થતાં હાલમાં સદર દાવાવાળી તકરારી મિલકતો વાદીઓ અને પ્રતિવાદીના સંયુકત નામે અને ખાતે ચાલતી આવેલી છે.

(૩) વાદીનો આગળ ઉપર કેસ છે કે, દાવાવાળી મિલકતો પૈકી બ્લોક નં. ૭૭, ૯૮, ૩૯૦ ની ઉત્તર દીશા તરફનો અડધો હીસ્સો તથા બ્લોક નં. ૭૯૪ ની પશ્ચિમ તરફનો અડધો હીસ્સો તથા બ્લોક નં. ૭૯૯ વાળી મિલકતોમાં મૌખિક સમજુતીથી વાદી ખેતી કરી ઉત્પન્ન મેળવે છે, જયારે બાકીની દાવાવાળી જમીનોમાં હાલના પ્રતિવાદી ખેતી કરી ઉત્પન્ન મેળવે છે. જયારે બ્લોક નં. ૬૭૯ માં નર્મદા યોજનામાં સંપાદન થયેલ છે. જે સંપાદન દરમ્યાન પ્રતિવાદીએ જયારે વહેંચણ કરવામાં આવે ત્યારે તે સંપાદન થયેલ જમીન મારા હીસ્સે ગણવાની છે તેવુ જણાવી તે સંપાદનમાં સરકારશ્રી તરફથી મળેલ વળતર પુરેપુરુ પ્રતિવાદીએ મેળવેલ છે અને તે તમામ વળતર તેઓને મળે તે હેતુથી વાદીઓએ જે તે સમયે લેખીત સંમતી પણ આપેલી. જેથી બ્લોક નં. ૬૭૯ વાળી મિલકતમાંથી થયેલ સંપાદનનું પુરેપુરુ વળતર પ્રતિવાદીએ તેમના હીસ્સાની મિલકત ગણી તે મુજબ પુરેપુરુ વળતર મેળવેલ છે તેથી સંપાદન થયેલી જમીન ક્ષેત્રફળ ૦–૧૦–૭૦ જેટલીજ જમીન ઈલાયદા વાદી મેળવવા હકકદાર છે. દાવાવાળી મિલકતો વાદી અને પ્રતિવાદીની સંયુકત નામે અને સંયુકત માલીકીની રેવન્યુ રેકર્ડમાં ચાલતી હોય વાદીને ખેતી વિષયક ધીરાણ લેવા માટે પોતાના નામે મિલકત હોવી જરૂરી છે, જેથી વાદીઓએ પ્રતિવાદીનો સંપર્ક કરી ત્રણ માસ અગાઉ મિલકતોની વહેંચણી કરી અલગ કરી લેવા જણાવતા પ્રતિવાદી તરફથી કોઈ પ્રત્યુત્તર મળેલ નહી કે વહેંચણી કરવા કોઈ તજવીજ કરેલી નહી. આમ, પ્રતિવાદી વાદીઓને તેમના કાયદેસરના વડીલોપાર્જીત મિલકતના હકકોમાંથી વંચીત રાખી વાદીના હીસ્સાની મિલકત પ્રતિવાદી પચાવી પાડવા માટે પોતાની મનમાની કરવા ઉતર્યા છે. તે સંજોગોમાં સંબંધો બગડે અને ઘરના સભ્યોના મન ઉચા થાય તેવી પરિસ્થિતી ન સર્જાય તેવા શુધ્ધ હેતુથી

અને ભવિષ્યની પેઢીના સંતાનોમાં મન દુ:ખ ના થાય તેવા હેતુથી હાલનો વડીલોપાર્જીત વણવહેંચાયેલી મિલકતોની અરસ નરસ વહેંચણી કરવા માટે તથા તે માટે જરૂરી આદેશ મેળવવા માટે હાલનો દાવો કરેલ છે.

(૪) ઉપરોકત દાવા અરજીની હકીકતો ઉપરાંત વાદીએ મનાઈ હુકમ ની અરજીમાં જણાવેલ છે કે, દાવાનો આખરી નિર્ણય આવે ત્યાં સુધી પ્રતિવાદી સામે દાવાવાળી મિકલત અંગેનો મનાઈ હુકમ મેળવવામાં ના આવે અને દરમ્યાન મનાઈ હુકમ ફરમાવવામાં ના આવે તો પ્રતિવાદી કાયદો હાથમાં લઈને ગેરકાયદે અને ગેરહકકે બળ જબરીપૂર્વક દાવાવાળી વાદીઓની વડીલોપાર્જીત મિલકતના પ્રત્યક્ષ કબ્જામાં અનઅધિકૃત રીતે પ્રવેશ કરી વાદીઓના દાવાવાળી જમીનો પરત્વેના કાયદેસરના મુળભુત હકકોને નુકશાન પહોંચાડે તેમ છે અને ગેરકાયદેસર ખોટા હકકો ઉભા કરે તેમ છે. જો પ્રતિવાદીને અટકાવવામાં ન આવે તો પ્રતિવાદી તેમની બદનેમમાં ફાવી જાય તેમ છે અને તે કારણે વાદીને નાણાં માં કે અન્ય કોઈ પણ રીતે ભરપાઈ ન થઈ શકે તેવુ પારાવાર નુકશાન નીપજવા પુરેપુરો સંભવ છે. જો મનાઈ હુકમ ના આપવામાં આવે તો વાદીને બીજા બધા દાવાદુવીમાં ઉતરવાનો વારો આવે તેમ છે અને હાલના દાવાનો હેતુ માર્યો જાય તેમ છે. જેથી મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ થતુ અટકાવવા માટે પણ માં ગ્યા મુજબનો મનાઈ હુકમ ફરમાવવો અત્યંત જરૂરી છે. વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓના લાભમાં છે. જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ના આવે તો પ્રતિવાદી કાયદો હાથમાં લઈ વાદીઓની વડીલોપાર્જીત જમીનમાં ગેરકાયદેસર રીતે અને ગેરહકકે બળજબરી પુર્વક અનઅધિકૃત રીતે પચાવી પાડવાની પેરવી કરે તેમ છે. જેથી, મોજે ઉમરાયા તા. પાદરા જી. વડોદરા ખાતે આવેલ દાવાવાળી જમીનમાં રહેલ પ્રતિવાદીના કબ્જા ભોગવટામાં આવેલી મીલકત સંબંધે અન્ય કોઈ હકકો ઉભા થાય કે વાદીના હકકોને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કે કોઈ ત્રાહીત ઈસમને ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે કોઈના હકકો ઉભા થાય તેવુ કૃત્ય પ્રતિવાદી કરે કરાવે નહી તેવી કામચલાઉ તાકીદ ફરમાવવા દાદ માંગેલી છે.

(૩) આ કામે વાદીની મનાઈ હુકમની અરજીના અનુસંધાને કારણદર્શક નોટીસ પ્રતિવાદીઓને બજતા પ્રતિવાદી ધ્વારા આંક–૧૨ થી દાવા અરજી તથા દરમ્યાન મનાઈ હુકમની અરજીનો સંયુકત વિસ્તૃત લેખીત વાંધા–જવાબ રજુ થયેલ છે. જેની ટુંકમાં વિગત નીચે મુજબ છે.

<u>પ્રતિવાદીઓના જવાબની ટુંકમાં હકીકત :–</u>

આ કામના પ્રતિવાદીએ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરી જણાવેલ છે કે, દાવા અરજીના પારા નં. (૨) માં જણાવવામાં આવેલ મિલકતો વાદી અને પ્રતિવાદીની વડીલોપાર્જીત સંયુકત મિલકત છે. પ્રતિવાદીના મૈયત પિતરાઈ ભાઈ મંગળભાઈ માધાભાઈની હયાતીમાં જ સદર તમામ હાલની તકરારી મિલકત બાબતે મૌખિક સમજુતીથી અરસ-નરસની વહેંચણ કરવામાં આવેલ અને તે વહેંચણના આધારે વાદી અને પ્રતિવાદીના પિતા મૈયત મંગળભાઈ ની હયાતીમાં જ વહેંચણ મુજબ પોત-પોતાના નકકી કરેલ મિલકતના હીસ્સા મુજબની જમીનનો કબ્જો – ભોગવટો એકબીજાની સંમતિથી મેળવેલ હતો. ત્યારથી જ અમો પ્રતિવાદી અને વાદીઓના પિતા પોતા-પોતાના હિસ્સાની જમીન ઉપર કબ્જો ભોગવટો ભોગવી સદર મિલકતનો વાપર ઉપભોગ, ખેતી કરી ઉપજ મેળવતા રહેલા છીએ. એટલે કે હાલ વાદીઓના પિતાની હયાતીમાં જ સદર મિલકત બાબતે મૌખિક વહેંચણ કરવામાં આવેલ અને તે મુજબનો કબ્જો પક્ષકારોએ સ્વિકારી ખેતી કરતા આવેલ છે. સદર મિલકત પૈકી બ્લોક નં. ૬૭૯ વાળી મિલકત નું સને ૧૯૯૪ માં નર્મદા યોજનામાં સંપાદન થયેલ અને તે લગત જે વળતર નર્મદા યોજના ખાસ જમીન સંપાદન અધિકારી દવારા આપવામાં આવેલ વળતર અમો પ્રતિવાદી અને વાદીઓના પિતાએ ભાગે પડતો હીસ્સો જે તે વખતે વહેંચી લીધેલ. અમો પ્રતિવાદી અને વાદીઓના પિતા વચ્ચેની સમજુતીથી વહેંચણ મુજબ બ્લોક નં. ૬૭૯ વાળી મિલકતમાંથી કેનાલમાં સંપાદીત થયેલ જમીન સિવાયની હે.આરે.ચો.મી. ૦-૦૧-૩૧ વાળી મિલકત પ્રતિવાદીને આપવામાં આવેલ તથા બ્લોક નં. ૭૮૮ અમો પ્રતિવાદીના દાદાશ્રી ભીમાભાઈ જેહાભાઈ નાઓએ તેમની હયાતીમ્ાં જ કાળુભાઈ સુરાભાઈ નાઓને વેચાણ આપી દીધેલ છે. આમ, પ્રતિવાદી તથા અમારા પિતરાઈ ભાઈ શ્રી મૈયત મંગળભાઈ માધાભાઈ એટલે કે, વાદીઓના પિતાની હયાતીમાં જ સદર મિલકતો અંગેની મૌખિક વહેંચણ કરવામાં આવેલ અને તે મુજબ સદર મિલકતો પર અમો બંને પક્ષકારો વર્તન કરતા આવેલ અને કબ્જો ભોગવટો મેળવતા આવેલ. હાલ સદર મિલકતમાં બંને પક્ષકારો કોઈપણ વાદ-વિવાદ વગર ખેતી કામ કરી ખેત ઉપજ નિર્વિવાદીત રીતે મેળવતા આવેલ છીએ. વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી. બેલેનસ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં નથી. તેથી વાદી માંગ્યા મુજબનો કોઈ મનાઈ હુકમ મેળવવા હકકદાર નથી. જેથી હાલની અરજી નામંજુર કરી સ્પેશ્યલ કમ્પન્સેટરી કોસ્ટ રૂા.૫૦,૦૦૦/- અપાવવા માંગણી કરેલી છે.

(૭) ઉપરોકત વાદીપક્ષ તથા પ્રતિવાદીપક્ષના પક્ષ નિવેદનો વંચાણે લીધા. વાદી દવારા કાઉન્ટર સોગંદનામુ રજુ કરવામાં આવેલ નથી. બંને પક્ષો દવારા રજુ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ તથા બંને પક્ષોની ધારદાર દલીલોને ધ્યાને લેતા આંક–૫ ની અરજીના ન્યાયીક નિર્ણય થવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુ દ દા ઓ ::–**

| | |
|---|---|
| (૧) | શું વાદીનો પ્રાઈમાફેસી કેસ છે? |
| (૨) | શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને હાર્ડશીપ વાદીની તરફેણમાં છે? |
| (૩) | શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે? |
| (૪) | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદદાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ.,

(૯) **–:: કા ર ણો ::–**

ઉપરોકત મુદ્દાઓની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૯.૧) **મુદ્દા નં.૧:–**

આ કામે આંક–પની અરજી નિર્ણિત કરતા પહેલા મનાઈ હુકમ માટેના કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંત જોવામાં આવે તો, એ હકીકત લક્ષે લેવી જોઈએ કે, વાદીનો પ્રાઈમાફેસી કેસ છે કેમ? વાદીની તરફેણમાં

બેલેન્સ ઓફ કન્વીનીયન્સ છે કે કેમ? અને વાદીને નાંણાથી પણ ના ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે કે કેમ? જે સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી હાલની અરજીનો ન્યાયીક નિર્ણય કરવામાં આવેલ છે.

પ્રાઈમાફેસી કેસ એટલે કે પ્રથમ દર્શનીય કેસની વ્યાખ્યા જોઈએ તો, પ્રથમ દર્શનીય કેસ એટલે વાદીએ કે કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરનારે રજુ કરેલી હકીકતો, તે જ સ્વરૂપે સ્વીકારતા, સામાન્ય બુધ્ધિની, સામાન્ય વ્યકિતને, દેખીતી રીતે જ સાચી જણાય અને તે અંગે મહત્વનું ઘ્યાન આપવું જરૂરી જણાય અથવા તે હકીકત વિચાર કરવા યોગ્ય છે. માંગણીદારે કરેલા આક્ષેપ ઉપરથી ત્વરીત પણે કોઈપણ પ્રકારના ખચકાટ અનુભવ્યા વગર સામાન્ય સમજશકિતવાળી વ્યકિતમાં એવા વિચાર પેદા કરે કે કંઈક અઘટીત કૃત્ય સામી વ્યકિત કરી રહી છે અને તે અટકાવવાની જરૂર છે તો તેને પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય.

(૯.૨) આ કામે તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવાથી કારણોનું પુનરાવર્તન અટકાવી શકાય તેમ હોય તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરેલી છે. આ કામના વાદીએ રજુ કરેલ ની. ૪/૧ થી ૪/૧૩ ના દાવાવાળી જમીનોના ગામ નમુના નં. ૬ ના હકક પત્રકો, ફેરફાર નોંધ નં. ૯૨૮, ૨૧૬૨/૧૮૭, ૨૮૮૧ તથા ગામ નમુના નં. ૭ અને ૧૨, અને ૮–અ વંચાણે લેતાં દાવાવાળી જમીનો વાદી અને પ્રતિવાદીની સંયુકત માલીક કબ્જાની વડીલોપાજીત જમીન હોવાના વાદીના કેસને સમર્થન પ્રાપ્ત થાય છે. પરંતુ વાદીએ તેમની દાવા અરજીમાં જ સ્પષ્ટ કબુલ કરેલ છે કે, દાવાવાળી જમીનો પૈકી બ્લોક નં. ૭૭, ૯૮ અને ૩૯૦ ની ઉત્તર દીશા તરફનો અડધો હીસ્સો તથા બ્લોક નં. ૭૯૪ ની પશ્ચિમ તરફનો અડધો હિસ્સો તથા બ્લોક નં. ૭૯૯ વાળી મિલકતો મૌખિક સમજુતીથી વાદી ખેડે છે અને ઉત્પન્ન મેળવે છે. જયારે બાકીની જમીનોમાં હાલના પ્રતિવાદી ખેતી કરી ઉત્પન્ન મેળવે છે. આમ, બંને પક્ષકારો વચ્ચે દાવાવાળી જમીનો બાબતે મૌખિક સમજુતીથી દાવાવાળી જમીનોની વહેંચણી થયેલી હોવાની હકીકત વાદીની દાવા અરજી તેમજ પ્રતિવાદીના જવાબમાંથી સ્પષ્ટ થઈ આવે છે. આમ, બંને પક્ષે દાવાવાળી જમીનોની વહેંચણી બાબતેની તકરાર હાલના તબકકે જણાઈ આવતી નથી. બીજુ કે, વાદી તેમની દાવા અરજીમાં આગળ જણાવે છે કે, બ્લોક નં. ૬૭૯ જયારે નર્મદા યોજનામાં સંપાદીત થયેલ ત્યારે પ્રતિવાદીએ વહેંચણી કરવામાં આવે ત્યારે તે સંપાદન થયેલ જમીન વાદીના હીસ્સે ગણવાની છે તેવુ જણાવી તે સંપાદનમાં સરકારશ્રી તરફથી મળેલ પુરેપુરુ વળતર મેળવેલ છે અને તે વળતર બાબતે વાદીઓએ લેખિત સંમતિ પણ આપેલી હતી. આમ, બ્લોક નં. ૬૭૯

વાળી મિલકતમાંથી સંપાદનનું પુરેપુરૂ વળતર પ્રતિવાદીએ તેમના હીસ્સાની મિલકત ગણી તે મુજબ પુરેપુરૂ વળતર મેળવેલ છે. પરંતુ બ્લોક નં. ૬૭૯ નું સંપાદન કયારે થયેલ? તે બાબતેનો કોઈ ખુલાસો કરેલ નથી. બીજી તરફ આ કામે પ્રતિવાદીએ તેમના જવાબમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, દાવાવાળી જમીનો પૈકી બલોક નં. ૬૭૯ વાળી મીલકત નર્મદા યોજનામાં સને ૧૯૯૪ માં સંપાદન થતા તે લગત વળતર વાદી અને પ્રતિવાદીના પિતાએ ભાગે પડતે હીસ્સે વહેંચી લીધેલ હતુ. વાદીએ તેમની દાવા અરજી સાથે પ્રતિવાદીઓને વળતર મેળવી લેવા આપેલ લેખિત સંમતિનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. આથી, હવે નર્મદા યોજનામાં સંપાદીત થયેલ બ્લોક નં. ૬૭૯ ની જમીનનું વળતર વાદી અને પ્રતિવાદીના પિતાએ સંયુકત રીતે મેળવી પોતપોતાના હીસ્સે વહેંચી લીધેલ છે કે કેમ? તે દાવાની તકરારી હકીકતો છે અને તે પુરાવો લઈને જ નકકી કરી શકાય તેમ છે. વાદીની મનાઈ હુકમની અરજી વંચાણે લેતાં કોઈપણ તબકકે પ્રતિવાદીએ તેમને તેમના હીસ્સાની જમીનમાં ખેતી કરતા અડચણ, અટકાયત કે અવરોધ, અંતરાય કરેલ હોવાની કોઈ હકીકત ફલીત થતી નથી. વળી, આ દાવામાં વાદી અને પ્રતિવાદી બંને સંયુકત જમીનના ખાતેદારો છે. પ્રતિવાદીને કોઈ પણ જમીન અન્વયે કોઈ પણ ત્રાહીત પક્ષકાર સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવા હશે તો વાદીની જાણ બહાર કરી શકે તેમ નથી. વાદીએ તેમની અરજીના સમર્થનમાં વિક્રમભાઈ કાળુભાઈ પઢિયાર નું સોગંદનામુ રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, દાવાવાળી મિલકતનો પૈકી બ્લોક નં. ૭૮૮, જુના બ્લોક નં. ૮૦૪ ક્ષેત્રફળ ૦–૦૩–૦૦ વાળી જમીન મૌખિક ગીરોથી આશરે ૩૦ વર્ષ અગાઉ પ્રતિવાદીના પિતા પઢિયાર મેલાભાઈ છત્રસંગના પિતા છત્રસંગ ભીમસંગે તેમના પિતા કાળુભાઈ સુરાભાઈ પઢિયારને શરતી વેચાણ આપેલી હતી. પરંતુ આ સોગંદનામામાં જણાવેલ કોઈ હકીકતો વાદીએ તેમની દાવા અરજીમાં પ્લીડ કરેલી નથી કે દસ્તાવેજી પુરાવામાં દર્શાવેલ નથી. શરતી વેચાણ આધારે સોગંદનામુ કરનાર ના પિતા કે સોગંદનામુ કરનારનું નામ દાવાવાળી જમીન પૈકી બલોક નં. ૭૮૮ જુના બ્લોક નં. ૮૦૪ ના રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ હોવાનો કોઈ પુરાવો નથી. આ સંજોગોમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ માની શકાય નહી.

(૯.૩) નામદાર સુપ્રિમ કોર્ટના **કાશીમઠ સમસ્થાન અને બીજાઓ વિ. શ્રીમદ સુધીન્દ્ર તીર્થ સ્વામી અને બીજાઓના ૨૦૧૦ (૧) એસ.સી.સી. ૬૮૯** ના ચુકાદા માં નામદાર સુપ્રિમ કોર્ટએ ઠરાવેલ છે કે, જો પક્ષકાર પ્રથમ દર્શનીય રીતે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય તો બેલેન્સ ઓફ કન્વીયન્સ અને ઈરરીપેરીબેલ લોસ

અને ઈન્જરી પક્ષકારની સમર્થનમાં પુરવાર થતા હોય તો પણ કોર્ટ વચગાળાના હુકમ આપી શકે નહી. આમ, ઉપરોકત કરેલ ચર્ચાના આધારે હું એવા નિર્ણય ઉપર આવું છું કે, વાદી વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેનો આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ નથી. તેથી, મુદા નં. (૧) થી (૩) નો જવાબ નકારમાં આવે છે. તેથી વાદીની હાલની આંક–૫ ની અરજી તળે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુ ક મ**

(૧) વાદીની હાલની આંક–૫ ની અરજી નામંજુર ચાને રદ્દ કરવામાં આવે છે.

(૨) સદરહું અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આ હુકમ આજ રોજ તારીખ એકવીસમી, માહે–ઓકટોબર, સને બે હજાર ચોવીસ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**Place : Padra**
**Dt. 21/10/2024**

**[ HARDIK P RAVAL ]**
**GJ01220**
**2nd Additional Sr. Civil Judge,**
**Padra, Dist. Vadodara**